GJKH040005472025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮–૦૩–૨૦૨૫ |
| નોધ્યા તારીખ | ૨૮–૦૩–૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૧૦–૦૪–૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ – માસ– દિન<br>૦૧ – ૦૦– ૧૩ |

सत्यमेव जयते

# FORM A

## મહેરબાન જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફસ્ટ  કલાસ સાહેબશ્રીની અદાલતમાં, માતર.

## (ચુકાદાની તારીખ:૧૦/૦૪/૨૦૨૬)

## ફોજદારી કેસ નં.૪૪૮/૨૦૨૫

## લીંબાસી પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦ ૪૦૩૩ ૨૪૦૧૮૪/૨૦૨૪

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધિ કરનાર | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી | ચેતન ઉર્ફે વિપુલ વિનુજી ઠાકોર,<br>રહે.મલેકપુર, ભાણોવાસ, તા.ખેરાલુ, જી.મહેસાણા |
| પ્રતિનિધિ કરનાર | વિ.વ.શ્રી પી.વી.સોલંકી/ આર.બી.બ્રહમભટ્ટ |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૨–૦૭–૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૨૦–૧૦–૨૦૨૪ |
| ચાર્ઝસીટ દાખલ કર્યા તારીખ | ૨૮–૦૩–૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૦૨–૦૬–૨૦૨૫ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૦–૦૪–૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યાની તારી જો હોય તો | – |

## :: આરોપીની વિગતો ::

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિદોર્ષ છોડવામા આવ્યા કે કસુરવાર ? | શુ સજા કરી ? | સી.આર.પી.સી. કલમ–૪૨ મુજબ ટ્રાયલ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**જયુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**
**કોડ : જીજે.૦૧૪૪૦**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
| ૧ | ચેતન ઉર્ફે વિપુલ વિનુજી ઠાકોર | ૨૦-૧૦-૨૦૨૪ | - | ભારતીય ન્યાયસંહિતા-૨૦૨૩ ની કલમ-૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ મુજબ | વિશ્વસનીય પુરાવાનાં અભાવે છોડી મુકયા | -- | -- |

## FORM C

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદક્ષપક્ષ તરફે મૌખિક પુરાવો :: -

| ક્રમ અને નિશાની | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **PW-1-13** | ફરીયાદી સચીન હીતેશભાઇ | ફરીયાદી |
| **PW-2-15** | સાહેદ વિરેન્દ્ર વિરસંગભાઇ | સાહેદ |
| **PW-3-16** | સાહેદ સાહીલ દીપકભાઇ | સાહેદ |
| **PW-4-17** | સાહેદ પરેશભાઇ ખોડાભાઇ | સાહેદ |
| **PW-5-18** | સાહેદ રીતેશ ભરતભાઇ | સાહેદ |

### (બી) બચાવપક્ષે સાહેદ :-

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

### (સી) કોર્ટ સાહેદ :-

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**જયુડી.મેજી.ફ.ક.માતર**

**(નરેન્દ્રકુમાર)**
**કોડ : જીજે.૦૧૪૪૦**

**ફરીયાદપક્ષ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | EXHIBIT-P.14 | ફરીયાદ |
| ૨ | EXHIBIT-P.19 | આરોપીની શરીર સ્થીતીનુ પંચનામુ |
| ૩ | EXHIBIT-P.20 | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |

**બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે અંકે પાડેલ દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | - | – |

**મુદામાલની વિગત :–**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | વી.એમ.આર.નં.૭/૨૬ | રોકડ રકમ ૫૦૦ ના દરની કુલ ૮૦ નોટો મળી કુલ રૂ.૪૦,૦૦૦/– |

// ચુકાદો //

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરીયાદી તથા સાહેદ નં.૬ વિરેન્દ્રકુમાર નાઓ અંબાજી દર્શન કરવા ગયેલ તે સમયે સતલાસણા રોડ ઉપર ચાની લારીએ સાહેદના મિત્ર પ્રહલાદજી અમરતજી તથા સુમીત ઉર્ફે સોમાજી રુપાજી નાઓ મળેલ અને ફરીયાદીનો મોબાઇલ નંબર લીધેલ ત્યાર બાદ તા.૨૨/૦૭/૨૦૨૪ ના રોજ ફરીયાદીનાં મોબાઇલ ઉપર વોટસપ કોલ કરી પોતે તથા નાસતા ફરતા આરોપીઓ રુપીયા બે લાખના ત્રણ ગણા રુપીયા છ લાખ કરી આપીએ છીએ તેમ જણાવી ફરીયાદીને વિશ્વાસમાં લઇ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરુ રચી તા.૦૪/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૨–૩૦ ના રોજ પાલ્લા ગામની સીમમાં પુલ નજીક ફરીયાદી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/–

લઇ બે દિવસ પછી રૂા.૬,૦૦,૦૦૦/– આપવાનું જણાવી ફરીયાદીને આરોપીઓએ પૈસા પરત નહીં આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુનો કરવામાં મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ મુજબનો ગુનો કયાનો આક્ષેપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

ઉપરકોત ગુના સબબની ફરીયાદ આ કામનાં ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધવાતા તે આધારે સદર ગુનાની તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ સંભાળી લઇ જરુરી પંચનામા કરી, લાગતાં વળગતાં સાહેદોનાં જવાબો લઇ, આરોપીને અટક કરેલાં અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવો મળી આવતાં અત્રેની કોર્ટમાં ચાર્જસીટ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

ચાર્જસીટ ફાઇલ થયા બાદ આરોપીને સમન્સ કરવામાં આવેલ જે સમન્સની બજવણી થતાં આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપી મુદતે હાજર રહેતાં તેઓની સામે આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યાર બાદ આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓને આક્ષેપીત ગુનો કબુલ નથી અને કેસ કાર્યવાહી આગળ ચલાવવી છે તેવું જાહેર કરેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે.

## (૪) બચાવપક્ષનો પુરાવો :

સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાં વધુ કોઇ પુરાવો રજુ કરેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવાને લક્ષમાં લેતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી સોગંદ પર જુબાની તેમજ બચાવનાં સાહેદો તપાસ નથી તેવું જણાવેલ છે અને આરોપીનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે.

(૫) **દલીલો ::**

આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકત સદરહુ કેસનાં ન્યાયીક નિર્ણય અથે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદાઓ ::–**

૧. શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં ફરીયાદી તથા સાહેદ નં.૬ વિરેન્દ્રકુમાર નાઓ અંબાજી દર્શન કરવા ગયેલ તે સમયે સતલાસણા રોડ ઉપર ચાની લારીએ સાહેદના મિત્ર પ્રહલાદજી અમરતજી તથા સુમીત ઉર્ફે સોમાજી રુપાજી નાઓ મળેલ અને ફરીયાદીનો મોબાઈલ નંબર લીધેલ ત્યાર બાદ તા.૨૨/૦૭/૨૦૨૪ ના રોજ ફરીયાદીનાં મોબાઈલ ઉપર વોટસપ કોલ કરી પોતે તથા નાસતા ફરતા આરોપીઓ રુપીયા બે લાખના ત્રણ ગણા રુપીયા છ લાખ કરી આપીએ છીએ તેમ જણાવી ફરીયાદીને વિશ્વાસમાં લઈ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરુ રચી તા.૦૪/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૨–૩૦ ના રોજ પાદ્રા ગામની સીમમાં પુલ નજીક ફરીયાદી પાસેથી રૂા.૨,૦૦,૦૦૦/– લઈ બે દિવસ પછી રૂા.૬,૦૦,૦૦૦/– આપવાનું જણાવી ફરીયાદીને આરોપીઓએ પૈસા પરત નહીં આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુનો કરવામાં મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓનાં મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## // કારણો //

**(૮) મુદા નં.૧ ની ચર્ચા ::**

ફરીયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં સાહેદોને તપાસેલ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષે આંક-૧૩ થી ફરીયાદી સચીન હીતેશભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી દોઢેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ અને મિત્ર વીરેન્દ્ર ગાડી લઇને અંબાજી દર્શન કરવા ગયેલ અને પરત આવતા સતલાસણા ગામ રોડ ઉપર ચા પીવા ઉભા રહેલ અને તે દિવસે વીરેન્દ્રના મિત્ર ચેતન વિનુજી મળેલા. આ ચેતનભાઇએ તેમનો નંબર લીધેલો અને તેઓને પૈસાની જરુરીયાત હોય ચેતનભાઇને આપેલા અને તેઓએ પરત પણ કરેલા. તે સીવાય બીજુ કઇ બનેલ નહી. બનાવ અંગેની ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે ઓળખે છે જેને આંક-૧૪ આપવામાં આવેલ છે. સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે અને હવે કોઇ તકરાર રહેતી નથી.

(૮.૨) આંક-૧૫ થી સાહેદ વિરેન્દ્ર વિરસંગભાઇ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, બનાવ આજથી દોઢેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ અને સચીન ગાડી લઇને અંબાજી દર્શન કરવા ગયેલ અને પરત આવતા સતલાસણા ગામ રોડ ઉપર ચા પીવા ઉભા રહેલ અને ચેતને સચીનનો નંબર લીધેલો અને ત્યાર બાદ ઘરે આવી ગયેલા. તે સીવાય બીજુ કઇ બનેલ નહી. બનાવ

બાબતે પોલીસે નીવેદન લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે અને હવે કોઇ તકરાર રહેતી નથી.

(૮.૩) આંક–૧૬ થી સાહેદ સાહીલ દીપકભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી દોઢ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે સચીનનો ફોન આવેલ અને જણાવેલ કે આપણે પાલ્લા કામ અર્થે જવાનુ છે, પરેશ અને રીતેશને ફોન કરીને લીંબાસી બસ સ્ટેન્ડ બોલાવેલ છે, હુ મારી ગાડી લઇને લીંબાસી આવે છે અને તુ પણ મારી સાથે આવ તેમ જણાવતા તેઓ બસ સ્ટેન્ડ ગયેલા અને સચીન ગાડી લઇને આવતા ગાડીમાં બેસી ગયેલા અને વારુકાસ આવતા તેઓ ઉતરી ગયેલા. તે સીવાય બીજુ કઇ બનેલ નહી. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે અને હવે કોઇ તકરાર રહેતી નથી.

(૮.૪) આંક–૧૭ થી સાહેદ પરેશભાઇ ખોડાભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી દોઢ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે સચીનનો ફોન આવેલ અને જણાવેલ કે આપણે

પાલ્લા કામ અર્થે જવાનુ છે, જેથી તેઓ લીંબાસી બસ સ્ટેન્ડ આવેલા અને સચીન આવતા તેઓ, રીતેશ, સાહીલ ગાડીમાં બેસીને ગયેલા અને વારુકાસ આવતા ઉતરી ગયેલા. તે સીવાય બીજુ કઇ બનેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલો. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે અને હવે કોઈ તકરાર રહેતી નથી.

(૮.૫) આંક–૧૮ થી સાહેદ રીતેશ ભરતભાઈ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી દોઢ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે સચીનનો ફોન આવેલ અને જણાવેલ કે આપણે પાલ્લા કામ અર્થે જવાનુ છે, જેથી તેઓ લીંબાસી બસ સ્ટેન્ડ આવેલા અને સચીન આવતા તેઓ, પરેશ, સાહીલ ગાડીમાં બેસીને ગયેલા અને વારુકાસ આવતા ઉતરી ગયેલા. તે સીવાય બીજુ કઇ બનેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલો. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે અને હવે કોઈ તકરાર રહેતી નથી.

(૯) હવે આક્ષેપીત ગુનો સાબીત કરવા માટેનાં આવશ્યક તત્વો વંચાણે લેવા જરુરી હોય ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ નીચે મુજબ છે.

316 **Criminal breach of trust**.—

(1)...xxxxxx

(2) Whoever commits criminal breach of trust shall be punished with imprisonment of either description for a term which may extend to five years, or with fine, or with both.

318. **Cheating**.—

(1) ...xxxxxx

(2) ...xxxxxx

(3) ...xxxxxx

(4) Whoever cheats and thereby dishonestly induces the person deceived to deliver any property to any person, or to make, alter or destroy the whole or any part of a valuable security, or anything which is signed or sealed, and which is capable of being converted into a valuable security, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

61. **Criminal conspiracy**.—

(1) ...xxxxxx

(2) **Whoever is a party to a criminal conspiracy,**—

(a) to commit an offence punishable with death, imprisonment for life or rigorous imprisonment for a term of two years or upwards, shall, where no express provision is made in this Sanhita for the punishment of such a conspiracy, be punished in the same manner as if he had abetted such offence;

(b) other than a criminal conspiracy to commit an offence punishable as aforesaid shall be punished with imprisonment of either description for a term not exceeding six months, or with fine or with both.

54. **Abettor present when offence is committed.**—Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

(૧૦) આમ, ઉપરોકત જણાવેલ કાયદાની જોગવાઇ વંચાણે લેતાં હાલના કામે તપાસવામાં આવેલ આંક–૧૩ થી ફરીયાદી સચીન હીતેશભાઇ, આંક–૧૫ થી સાહેદ વિરેન્દ્ર વિરસંગભાઇ, આંક–૧૬ થી સાહેદ સાહીલ દીપકભાઇ, આંક–૧૭ થી સાહેદ પરેશભાઇ ખોડાભાઇ, આંક–૧૮ થી સાહેદ રીતેશ ભરતભાઇ નાએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષને મદદરુપ થાય તેવો પુરાવો આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે અને હવે કોઇ તકરાર રહેતી નથી. આમ, હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવું અત્રેની કોર્ટનું માનવું છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી આક્ષેપીત ગુનાનાં તત્વો પુરવાર થતાં નથી. આ કામે આંક–૨૩ થી પુરાવા બંધની પુરસીસ રજુ રાખી વધુ કોઇ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરેલ છે. જેથી આરોપીઓ સામેનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ ગયેલ છે. તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) આ કામનાં આરોપી ચેતન ઉર્ફે વિપુલ વિનુજી ઠાકોર, રહે.મલેકપુર, ભાણોવાસ, તા.ખેરાલુ, જી.મહેસાણાનાંને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧ અન્વયે તેઓની સામેનાં ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ મુજબનાં ગુનાનાં કામે વિશ્વસનીય પુરાવાનાં અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ઉપરોકત ચુકાદા વિરુધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવાં સંજોગોમાં આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ માં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર આરોપીને રૂા.૫,૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર ) નાં સધ્ધર જામીન અને તેટલી જ રકમનાં જાત જામીન આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે મુદામાલ રોકડ રકમ રૂા.૪૦,૦૦૦/– (અંકે રુપીયા ચાલીસ હજાર પુરા) કબજે કરવામાં આવેલ છે. વધુમાં સદર કામે આરોપી તરફે આંક–૨૨ થી નોકલેઇમ પુરસીસ રજુ રાખી ફરીયાદીને મુદામાલ રકમ સોપવામાં આવે તો વાંધો નથી તેવુ જાહેર કરેલ છે અને ફરીયાદી તરફે આંક–૨૪ થી મુદામાલ રોકડ રકમ પરત મેળવવા અરજી કરેલ હોય સદર અરજી આધારે સદર રોકડ રકમ ફરીયાદીને ખરાઇ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬ **(નરેન્દ્રકુમાર)**
સ્થળ:માતર જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦